| | | | | |
|---|---|---|---|---|
| GJBK190001652026 | દાખલ તારીખઃ | ૦૭/૦૩/૨૦૨૬ | | |
| | રજીસ્ટર્ડ તારીખઃ | ૦૭/૦૩/૨૦૨૬ | | |
| | કેંસલ તારીખઃ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૨૦ |

**બનાસકાંઠા જીલ્લાના પાંચમા એડીશનલ સેશન્સ જજ શ્રી આર.ડી.પાંડે સાહેબની કોર્ટમાં, મુકામ–દિયોદર**
**ફોજદારી પરચુરણ અરજ નંબર–૭૧/૨૦૨૬**

**આંક–**

**અરજદારઃ–** (૧) **કલ્પેશભાઇ હકમાભાઇ વણકર,**
ઉ.વ.આ. ૨૪, ધંધો. ખેતી,
રહે. ભેંસાણા, તા. દિયોદર, જી. વાવ–થરાદ
(હાલ રહે. સબજેલ/જીલ્લા જેલ પાલનપુર )

–: **વિરુધ્ધ** :–

**સામાવાળા:–** શ્રી સરકાર

**ગુનોઃ–** દિયોદર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૨૨/૨૦૨૬, બી.એન.એસ. એકટની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૩૫૧(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬ મુજબ.

**અરજઃ–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.

અરજદાર તરફે વિ. વ.શ્રી એમ.કે.પરમાર
સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર
મુળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી વી.આઇ.રાઠોડ

–: **ચુકાદો** :–

(૧) હાલની અરજી આરોપી/અરજદાર દ્વારા દિયોદર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૨૨/૨૦૨૬, બી.એન.એસ. એકટની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૩૫૧(૨), ૩૫૧(૩) તથા પોકસો

એકટની કલમ–૪, ૫(એલ), ૬ મુજબના કામે અરજદાર ને તા. ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરેલા અને તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ આપ નામ. કોર્ટ સમક્ષ રજુ કરેલ ત્યારથી અરજદાર જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે કરવામાં આવેલ છે.

(૨) આરોપી/અરજદારની જામીન અરજીની ટુંકમાં વિગત એવી છે કે, અમો અરજદાર તદ્ધન નિર્દોષ છીએ અને કહેવાતો કોઈ ગુનો અમો અરજદારે કરેલ નથી. આ કામના ફરિયાદી ની ફરિયાદ જોવા માં આવે તો અમારી સામે નો ગુનો ટકવા પાત્ર. આ કામે જે આક્ષેપો અમારી સામે તદ્ધન ખોટી રીતે હાલ નો ગુનો દાખલ કરવામાં આવેલ છે અને અમોને તદ્ધન ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે અને અમો આ કામના ફરિયાદી અને અમો અરજદાર વછે પ્રેમ સબંધ હોઈ અરજદાર ની સગાઈ આ કામના ફરિયાદીની સાથે અમારી સમાજના રિવાજ પ્રમાણે કરવા માં આવેલ હતી ત્યારથી અમો અરજદાર અને આ કામના ફરિયાદી એક બીજાના પરિચયમાં આવેલ હતા. અમો અરજદારની ભત્રીજી અને આ કામના ફરિયાદીના ભાઈ અજયની સાથે સાટામાં સગાઈ કરવામાં આવેલ હતી. આ કામના ફરિયાદી એ ફરિયાદ માં કરેલા આક્ષેપ મુજબ મોબાઈલ ની વિગત જણાવેલ છે તે જોવામાં આવે તો સદર મોબાઈલ અમો અરજદારની આ કામના ફરિયાદી ની સાથે થયેલ સગાઈ માં આપવામાં આવેલ હતો અને આ બાબત ની જાણ ફરિયાદીના માતા–પિતા તેમજ ઘરના સભ્યોને જાણ હતી પરંતુ આ કામના ફરિયાદીના પિતાએ અમો અરજદાર ના પિતા પાસે કહેવાતી ફરિયાદ કર્યાના થોડા દિવસ પહેલાજ પૈસા ની માગણી કરવા માં આવેલ હતી અને આ પૈસામાં સગાઈ સાટા માં થયેલ હોય તેથી પૈસા આપવાની ના પાડતા આ કામના ના ફરિયાદી ને તેમના પિતા અને ઘરના સભ્યોએ ચાર દિવસ સુધી અલગ અલગ જગ્યાએ ફેરવી તેમજ ફરિયાદીના મામા પુંનમાભાઈએ દબાણ કરી આ હાલની ખોટી ફરિયાદ અમારી પર કરવામાં આવેલ છે. અમો અરજદાર ને લાંબો સમય સુધી કસ્ટડીમાં રાખવા માં આવે તો અમો અરજદાર ના વૃદ્ધ માતા પિતા ની સાર સંભાળ તેમજ ભરણ પોસણ ની જવાબદારી અમારા

સીરે રહેલ છે તેમજ અમારા પરિવાર ને ભૂખે મરવાનો વારો આવે તેમ છે અમો અરજદાર ડ્રાઈવિંગ તેમજ ખેતી કરી અમારા પરિવારનુ ગુજરાન ચલાવીએ છીએ, અમો અરજદાર ના સમગ્ર કુટુંબ ના ભરણ પોષણ ની જવાબદારી અમારા શીરે છે, જેથી અમારે વધુ સમય કસ્ટડી માં રહેવું પડે તો અમારા કુટુંબ –કબિલા ને ભૂખે મારવા નો વારો આવે તેમ છે. અમો અરજદાર ઉપર સદરહુ ફરિયાદ સંપૂર્ણ ખોટી અને સમાજમાં ભંગ કરવા ના ઈરાદા અમારી પ્રતિસ્થા હલકી કરવા તેમજ અમરો સ્વમાનથી અમોને ખોટી રીતે સદર ગુનામાં સંડોવવામાં આવેલ આવેલ હોઈ આ પ્રકારના કૃતિ માં અમો અરજદાર ના હકો નું રક્ષણ અને જતન કરવા ની અદાલત ને ફરજ છે. આ કામે સંજયચંન્દ્રા વી. સી.બી.આઈ. ના ચુકાદા માં નામદાર કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, બંધારણીય હકો નું આર્ટીકલ –21 મુજબ રક્ષણ કરવું જોઈએ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ ના પ્રસ્થાપિત કાનૂન મુજબ બેલ એ નિયમ છે અને જેલ એ અપવાદ છે તેવો પ્રથાપિત કરેલ હોઈ તે સિદ્ધાંતો અનુસાર પણ આ કામે જામીન આપવા માટે આ યોગ્ય કેસ છે. અમો અરજદાર અરજી ના મથાળે દર્શાવેલ સરનામે રહીએ છીએ અને અમારી સ્થાવર તેમજ જંગમ મિલકતો આવેલ છે, અમો ક્યાય નાસી ભાગી જઈએ તેવા ઈસમ નથી. અમો અરજદાર ને આપ નામદાર કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરતી વખતે જેવી અને જેટલી શરતો ફરમાવશો તેવી અને તેટલી શરતોનું અમો પાલન કરીશું. અમો અરજદાર ને આપ નામદાર કોર્ટ દ્વારા જેવા અને જેટલી રકમ ના જામીન આપવા ફરમાવશો તેવા અને તેટલી રકમ ના જામીન અમો રજૂ કરીશું જેથી અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે સામાવાળાને નોટીસ કરતાં શ્રી સરકાર તરફે વિ.સ્પે.એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર હાજર થયેલ છે અને આંક–૦૬ થી તપાસ કરનાર અમલદારશ્રીનું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી ભોગ બનનાર સગીરવયની હોવાનુ જાણવા છતા ભોગ બનનારને તેના વાલીના કાયદેસરના વાલીપણા માંથી ભગાડી લઈ જઈ તેને ગોપી ગેસ્ટ હાઉસ હોટલ દિયોદર તથા તેના રહેણાંક ખેતરમા બનાવેલ છાપરામા લઈ જઈ તેની સાથે શરીર સબંધ

બાંધેલ હોય જેથી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત ન કરવા અમારી વિનંતી છે. આ કામના અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીયાદી તથા સાહેદોને પની અથવા બીજાની મારફતે ફરીયાદ પક્ષને કોઇ પણ પ્રકારની હાની પહોચાડી નુકશાન કરે કરાવે તેવી શકયતાઓ રહેલ છે. જેથી અરજદાર/ આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત ન કરવા અમારી વિનંતી છે. આ કામના અરજદાર/આરોપીએ આવા ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય જેથી આરોપીને રેગ્યુલર જામીન અપાશે તો સમાજ ઉપર ખોટી અસર થાય અને અન્ય માણસોમાં કાયદાનો ડર રહેશે નહી અને અરજદાર/ આરોપીને કાયદાકીય રીતે યોગ્ય નશ્યત મળે અને સમાજમાં તેના યોગ્ય દાખલા બેસે અને આવી અસામાજીક પ્રવૃતિ આચરતા બીજા ઇસમો પણ ખચકાય અને સમાજમાં કાયદાનો ડર પેદા થાય અને અરજદાર/આરોપી ભવિષ્યણમાં આવી ખરાબ પ્રવૃત્તિ કરતા ખચકાય તે સારૂ ન્યાયના હિતમાં ઉચિત હોઇ અને ન્યાયનો હેતુ સરે અને આ ગુનાની તપાસ ચાલુમાં હોઇ જેથી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત ન કરવા અરજ કરેલ છે.

(૩.૧) આ કામે ભોગ બનનારે તેમની માતા તથા તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થઇ ભોગ બનનારની માતાએ આંક-૦૮ થી સોગંદનામું રજુ કરી જણાવેલ છે કે, મારી દિકરી ( ભોગબનનાર ) દિયોદર ખાતે આવેલ તપસ્વી આર્ટસમાં પ્રથમ સેમીસ્ટરમાં અભ્યાસ કરે છે. મારે સંતાનમાં ચાર દિકરા - દિકરી છે. જેમા સૌથી મોટી (ભોગ બનનાર) છે અને મારી દિકરી (ભોગ બનનાર) નો જન્મ તા. ૧૯/૦૩/૨૦૦૮નો છે. અમો સામાવાળા ભોગ બનનારની માતા તા. ૧૬/૦૨/૨૦૨૬ના રોજ દિયોદર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૨૨/૨૦૨૬,બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૬૪(૨), (એમ), ૩૫૧(૨),(૩) તથા પોક્સો એકટની કલમ- ૪, ૫ (એલ), ૬ મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરાવેલ સદરહુ ગુનામાં ભોગબનારે ફરીયાદ લખાવેલી જેની હકિકત નિચે મુજબ છે. અમો ભોગ બનનાર દિયોદર મુકામે તપસ્વી આર્ટસમાં કોલેજમાં એફ.વાય.બી.એ.માં

અભ્યાસ કરું છુ અને મારે રોજ કોલેજમા જવાનો સમય સવારે કલાક ૦૮:૦૦ વાગ્યે છે અને પરત આવવાનો સમય બપોરના કલાક ૧૧:૦૦ વાગ્યેનો છે. આજથી આશરે ચારેક મહીના પહેલા અમારા ગામના અમારી સમાજના કલ્પેશભાઈ હકમાભાઈ વણકર નાઓ હું જ્યારે કોલેજ જાઉં કે આવું ત્યારે મારી આગળ પાછળ આંટા ફેરા મારતો હતો અને મારી પાસે એક વાર મારો મોબાઈલ નંબર પણ માગેલ હતો. પરંતુ મે તેને મારો મોબાઈલ નંબર આપેલ નહી કે મારે તારુ કામ છે અને મારે તને મળવું છું તેવો મેસેજ કરેલો અને તે મેસેજ કોઇ જોઈ ના જાય તે માટે મે ઈન્સ્ટામાંથી ડિલેટ કરી દિધેલ અને તેના દશેક દિવસ પછી આ કલ્પેશ મને કોલેજ ના દરવાજાની આગળ મળેલ અને તેને મને કહેલ કે હું ભેસાણા જાઉ છું તારે ઘરે આવવું હોય તો હું તને ઘરે ઉતારી જાઉ તેમ કહેતા આ કલ્પેશ અમારા ગામનો હોય અને અમારી સમાજનો હોય જેથી હું તેના કહેવા મુજબ તેના બાઈક ઉપર બેસી હું ભેસાણા ગામે આવેલી અને મારું ઘર આવતા હું બાઈક ઉપરથી ઉતરી મારા ઘરે ગયેલ અને તે વખતે આ કલ્પેશ પણ મારી પાછળ પાછળ મારા ઘરે આવેલો અને તે વખતે મારા માતા પિતા ખેતરમાં મજુરીએ ગયેલ હતા અને ઘરમાં બીજું કોઈ હાજર ન હતું જેથી તે વખતે આ કલ્પેશ મને કહેલ કે મારે કોલેજમાં સારી ઓળખાણ છે અને તારે સારા માર્ક આવસે તેવું કહીને મને તેની વાતમાં લઇને મારી સાથે વાતચીત કરી આ કલ્પેશ તેન ફોનમાં તેના તથા મારા જોડે સાથે બેસેલાના ફોટા પાડેલા અને ત્યારબાદ આ કલ્પેશ અમારા ઘરેથી જતો રહેલ હતો. હું ત્યારબાદ દશેક દિવસ પછી આ કલ્પેશ મને અવાર નવાર રસ્તામાં કોલેજ જતા આવતા અળતો અને મને ધમકી આપી કહેતો કે તું મારી સાથે સંબંધ રાખ નહી તો તારા અને મારા ભેગા પાડેલા ફોટા સમાજમાં તથા ગામમાં વાયરલ કરી નાખિશ અને ગઈ તા. ૦૨/૧૨/૨૦૨૫ ના રોજ હું કોલેજ ગયેલ હતી અને સવારના સાડા નવેક વાગે હું રોજ કોલેજ થી મારા ઘરે જવા નિકળેલ તે વખતે અમારી તપસ્વી કોલેજ દિયોદરના ગેટ આગળ આ કલ્પેશ તેનું મોટર સાઈકલ લઈને ઉભેલ હતો અને મને કહેલ કે હું તારા ફોટાઓ ડીલેટ કરી નાખીશ તું મારી સાથે ચાલ હું તારી સામે ફોટા ડીલેટ કરી દઈશ જેથી તું મારી

સાથે ચાલ જેથી હું તેના વિશ્વાસમાં આવી તેની સાથે ગયેલ અને તે મને ગોપી હોટલ એન્ડ ગેસ્ટ હાઉસ દિયોદર ખાતે લઈ ગયેલો અને ત્યાં રૂમ લઈ તેમાં મને લઈ ગયેલો અને તે વખતે આ કલ્પેશ મને કહેલ કે, તાર ફોટાઓ હું ડીલેટ કરવાનો નથી તે જો ફોટા ડીલેટ કરવા હોય તો તારે મારી સાથે શારીરીક સંબંધ બાધવો પડશે તેમ કહી મારી મરજી વિરુધ મારી સાથે બે વાર શરીર સંબંધ બાધંલો અને તે વખતે પણ તેણે મારા ફોટાઓ પાડેલા અને મને કહેલ કે જો આ વાત કોઈને કહીશ તો તને જાનથી મારી નાખીશ અને તારા પરીવારને પણ ખતમ કરી નાખીશ.તેવી ધમકીઓ આપેલી અને તે વખતેતેણે મને એક એવો ઓપ્પો કંપનીનો મોબાઈલ આપેલ જેમાં સિમકાર્ડ નં.૯૬૬૨૪ ૦૫૩૩૬નો હતો અને કહેલ કે હવેથી આ મોબાઈલ તારી પાસે રાખજે અને તારા ઘરનાને કઈ કહેતી નહી અને હું તને જ્યારે બોલાવું ત્યારે મારી પાસે આવી જાજે કહીને મને ગોપી હોટલથી મારી તપસ્વી કોલેજ આગળ મુકી જતો રહેલ. ત્યારબાદ આ કલ્પેશ મારી સાથે તેને આપેલ ફોન ઉપર અવાર નવાર ફોન કરિને વાતચીત કરોતો અને હું પણ તેની સાથે વાતચીત કરતી હતી. ત્યારબાદ ગઈ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ આ કલ્પેશ મને ધમકીઓ આપી રાત્રીના સાડા અગીયાર વાગે મારા ઘર બહાર બોલાવતા હું ઘર બહાર ગયેલી અને તે વખતે તે મને તેની સાથે તેના ખેતરમાં બનાવેલ છાપરે લઈ ગયેલો અને ત્યાં તેને મારી સાથે બળજબરીથી મારી મરજી વિરુધ શારીરીક સંબંધ બાંધેલો અને મને પરત મારા ઘરે મુકી ગયેલ ત્યારબાદ તેવી જ રીતે ફરીથી તે ગઈ તા. ૧૫/૦૧/૨૦૨૬ ના રોજે રાત્રે મને ડરાવી ધમકાવી રાત્રીના સમયે તેના ખેતરમા બનાવેલ છાપરે લઈ જઈ મારી સાથે બળજબરીથી મારી મરજી વિરુધ શારીરીક સંબંધ બાંધેલો અને આ કપ્લેશભાઈના ધાક ધમકીના કારણે તેમજ તે મારી સાથે અવાર નવાર બદકામ કરતો હોય જેથી અમો ગુમ સુમ રહેવા લાગેલ હતા જેથી આ બાબતે મારી માતાએ મને પુછપરછ કરતા પ્રથમ મે કોઈ હકીકત જણાવેલ નહીં પરંતુ આ કલ્પેશ મને સતત ફોન ઉપર ડરાવી ધમકાવી માનસીક ત્રાસ આપતો હોય જે મારાથી સહન ન થતા મે મારી સાથે આ કલ્પેશભાઈએ મને લલચાવી તથા ફોસલાવીને મારા

ફોટાઓ વાયરલ કરવાની તથા મારી નાખવાની ધમકીઓ આપી મારી સાથે અવાર નવાર મારી મરજી વિરુધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોવાની હકીકત મે મારી માતા લક્ષ્મીબેનને કરેલી અને ત્યારબાદ મારી માતાએ આ બનાવ બાબતે મારા પિતા તથા મારા કુટુંબના માણસોને વાત કરતા અમારા કુટુંબના માણસોને અમોને ફરીયાદ આપવાનું કહેતા આજરોજ હું મારા માતા પિતા તથા મારા કાકા લાલાભાઈ નાગજીભાઈ વણકર, રહે. રાશનપુર તથા મારા મામા પુનમાભાઈ રાયમલભાઈ વણકર રહે. મોટામેડા, તા.ધાનેરાવાળા ઓને સાથે લઈને દિયોદર પોલીસ સ્ટેશનમાં મારી ફરીયાદ આપેલ. આ કામના અરજદાર ( આરોપી ) તથા ભોગ બનનાર સામાવાળા (મુળ ફરીયાદી) એક જ સમાજના હોય અને એક ગામના હોય જેથી આ કામના અરજદાર (આરોપી) ભોગ બનનારને સામાજીક રીતે દબાણ લાવી તથા સાહેદોને કોઈ પણ પ્રકારે (રીતે)લાલચ, પ્રલોભન આપી અથવા ધાક ધમકી આપી તેઓને સાહેદોને સાચિ હકીકત જણાવતા રોકે તેમજ તેઓને કોઈ પણ રીતે ડરાવે ધમકાવે તેવો પુરતો સંભવ હોય જેના કારણે કેસને નુકસાન કરે તેવી પુરેપુરી શક્યતા રહેલ છે. તેમજ અરજદાર ( આરોપી) જેને કાયદાનો કોઈ ડર ન હોય જો તેઓને જામીન આપવામાં આવે તો તેને કાયદાનો કોઈ ડર રહેશ નહી. જેને કાયદાનું ભાન કરાવવુ જરૂરી હોય અને સમાજ માં દિન પ્રતીદિન બની અમો ભોગ બનનારને એક્જ સમાજના હોય તો અવાર નવાર સામે આવાનું થાય અને અમોને આ કામના અરજદાર ( આરોપી) નો મન માં ખુબજ ડર અને ભય હોય અને આ આરોપી જો જામીન પર મુક્ત થાય તો અમોને જાનથી મારી નાખશે તેમજ અમારા ફોટાઓ વાયરલ કરી શકે તેમ હોય આ કામના અરજદાર ની આ જામીન અરજી ના મંજુર કરવા અમારી આપ નામદાર કોર્ટને નમ્ર વિનંતિ છે. આ કામના અરજદાર ( આરોપી ) ને જો જામીન આપવામાં આવે તો અમોને મોટુ નુકશાન થાય એમ હોય અને આ કામના અરજદાર ( આરોપી ) ને જામીન પર છોડવવા સામે અમો ભોગ બનનાર ને સખત વાંધો છે. આ કામના અરજદાર ( આરોપી)ની આ જામીન અરજી ના મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) ફરીયાદ પક્ષની ટુંકી હકીકત મુજબ આ કામના આરોપી કલ્પેશભાઇ હકમાભાઇ વણકર, રહે. ભેંસાણા, તા. દિયોદર, જી. વાવ–થરાદ વાળાએ ભોગ બનનાર ફરીયાદી સગીર વયનું હોવાનું જાણવા છતાં તેને લલચાવી, ફોસલાવી પોતાની સાથેના સેલ્ફી ફોટા પાડી ફરીયાદીને તેના ફોટા વાયરલ કરવાની તથા જાનથી મારી નાંખવાની ધાક ધમકીઓ આપી ફરીયાદીશ્રીને તેના વાલીપણામાંથી અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઇ જઇ તેની સાથે અવાર નવાર તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી ગુનો કરતાં હાલની આ ફરીયાદ દાખલ થયેલ છે.

(૫) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.કે.પરમાર નાએ દલીલ કરેલ છે કે, આરોપી વિરૂધ્ધ પોકસો એકટની કલમ–૪, ૬ મુજબ ગુનો નોંધાયેલ છે. આરોપીને તા. ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે. આરોપી તા. ૧૯/૦૨/૨૦૨૬ થી જયુ. કસ્ટડીમાં છે. ફરીયાદીની જન્મ તા. ૧૯/૦૩/૨૦૦૮ છે. ફરીયાદી / ભોગ બનનાર અરજદાર સાથે સ્વેચ્છાએ બાઇક ઉપર બેઠેલ છે. કેવા ફોટો પાડવામાં આવેલ છે તેની વિગત જણાવેલ નથી. સાથે બેઠેલાનો ફોટો પાડેલ છે. તા. ૦૨/૧૨/૨૦૨૫ ના રોજ પ્રથમ બનાવની વાત છે અને ફરીયાદ તા. ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ દાખલ થયેલ છે જેથી અઢી મહિના મોડી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. એક જ સમાજના આરોપી તથા ફરીયાદી છે અને સાટા પધ્ધતિમાં સગાઇ કરેલ છે. કાકાની દિકરીના સાટામાં નક્કી થયેલ હતું અને તે પછી ખોટો બનાવ ઉભો કરી કેસ કરેલ છે. સગાઇ કરવામાં આવેલ ત્યારે મોબાઇલ આપવામાં આવેલ છે. આરોપી નાશી ભાગી જાય તેમ નથી. આરોપી શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. આરોપી વાવ–થરાદ જીલ્લાના રહેવાસી છે. જે તમામ હકીકતે આરોપીની જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૬) સામાવાળા શ્રી સરકાર તરફે એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર ની દલીલ છે કે, આરોપીએ ગેરમાર્ગે દોરી સમાજની હાજરીમાં મોબાઇલ આપેલ છે. સગાઇ થયેલ હોય તેનો કોઇ પુરાવો રેકોર્ડ ઉપર આવેલ નથી. બનાવ તા. ૦૨/૧૨/૨૦૨૫ થી સતત હારમાળામાં થયેલ છે જેથી ફરીયાદ મોડી

દાખલ કરેલ નથી. વધુમાં, ફરીયાદી બાળક છે જેથી સીધેસીધી આ બનાવની જાણ કોઇને કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. ફોટાઓ બંધ કવરમાં રજુ થયેલ છે. મેડીકલ સર્ટીફીકેટમાં પણ શારીરીક સંબંધ રેકોર્ડ ઉપર આવેલ છે. આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોઇ જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૭) બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે. આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી અને ફોટા વાઇરલ કરી આપવાની ધમકી આપી ફરીયાદીને તેના વાલીપણામાંથી અપહરણ કરી વારંવાર તેમની સાથે શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરેલ છે. ફરીયાદી સગીર વયની છે જેથી ગુનાની ગંભીરતા વધી જાય છે. આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો આરોપી ફરીયાદીને ધાક ધમકી આપી શકે અને એક જ ગામના અને એક જ સમાજના હોવાના કારણે પુરાવાને નુકશાન કરી શકે તેમ છે જે તમામ હકીકતે આરોપીની જામીન અરજી મંજુર કરવા પાત્ર જણાતી ન હોઇ જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– // હુકમ // –**

(૧) અરજદાર / આરોપી **(૧) કલ્પેશભાઇ હકમાભાઇ વણકર** ની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. **૨૭ મી,** માહે**–માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. દિયોદર
તા. ૨૭/૦૩/૨૦૨૬

**(રંજન ધ્રુવકુમાર પાન્ડેય)**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ,
બનાસકાંઠા – દિયોદર
કોડ નંબર–જી.જે.૦૦૮૧૩